# આસપાસ ચોપાસ

# ગલકુંડ



## અગાઉ ગલકુંડ ગ્રુપ ગ્રામ પંચાયતમાં નવથી વધુ ગામ હતાં

અગાઉ ગલકુંડ ગ્રુપ ગ્રામ પંચાયતમાં નવથી વધુ ગામોનો સમાવેશ થતો હતો. બાદમાં ગલકુંડ ગ્રુપ ગ્રામ પંચાયતનું વિભાજન થતાં ગલકુંડ, ઉખાટિયા, સીનબંધ, પાયરપાડા, જામદર ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. છેલ્લાં ઘણાં વર્ષથી ગ્રુપ ગ્રામ પંચાયત ગલકુંડમાં ભાજપાની બોડીનો દબદબો જોવા મળે છે. આ ગામ વર્ષોથી ભાજપા સાથે અડીખમ રહેતા વિકાસની દૃષ્ટિએ પ્રગતિનાં ડગલાં માંડી રહ્યું છે. ગ્રુપ ગ્રામ પંચાયત ગલકુંડ સહિત તાલુકા પંચાયત ગલકુંડમાં અને જિલ્લા પંચાયત ગલકુંડ સીટમાં ભાજપાનો દબદબો જોવા મળી રહ્યો છે. ગલકુંડ ગ્રુપ ગ્રામ પંચાયતની વાત કરીએ તો છેલ્લી 4 ટર્મથી બહુમતીથી ભાજપાની બોડી ગ્રુપ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં દબદબાભેર ચુંટાઈ આવે છે. અહીં થોડા સમય પૂર્વે સરપંચ તરીકે ભાજપા પેનલના સુરેશભાઈ જીવાભાઈ વાઘ દબદબાભેર ચુંટાઈ આવ્યા છે. જ્યારે ગલકુંડ ગામના સભ્યોમાં ભાવિનભાઈ યશવંતભાઈ સહારે, રમણભાઈ મંગયા પવાર, જમનાબેન મુકુંદભાઈ ગાવીત ચુંટાઈ આવ્યા છે. હાલમાં આ સભ્યો સરપંચ સુરેશભાઈ વાઘ સાથે ગામ સહિત વિસ્તારનાં વિકાસકીય કામોમાં ભાગીદાર બન્યાં છે. હાલમાં ગલકુંડ ગ્રુપ ગ્રામ પંચાયતનું વિભાજન થતાં ગલકુંડ ગ્રુપ ગ્રામ પંચાયતમાં સરપંચ, તલાટી કમ મંત્રી તથા તાલુકા સદસ્ય તેમજ જિલ્લા સદસ્યના માર્ગદર્શન મુજબ વિકાસકીય કામો કરી રહ્યાં છે.

## ગલકુંડ ગામમાં પાણીની સુવિધા

આ ગામને જુથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવામાં આવ્યું છે. આ ગામમાં સૌપ્રથમ લોકોને સ્ટેન્ડ પોસ્ટ આધારિત પાણી આપવામાં આવતું હતું. પરંતુ હાલમાં આ યોજના પડી ભાંગેલી જોવા મળે છે. જળ સે નળ યોજના અંતર્ગત અહીં ઘરદીઠ નળ કનેકશનની સુવિધા પૂરી પાડી ઘરે-ઘરે પાણી પહોંચાડવા માટે 6 મોટી અને અન્ય નાની ટાંકીઓ તથા ચેકડેમ પણ બનાવવામાં આવેલો છે. તેવામાં પાણી પુરવઠા વિભાગની ઘોર બેદરકારીને પગલે આ ગામમાં પાણીની યોજનાઓ નિરર્થક સાબિત થઈ છે. અહીં ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં પાણીના સ્ત્રોત ઊંડે જતાં લોકો પાણી માટે તોબા તોબા પોકારી ઊઠે છે. આ ગામમાં સરકારી તથા ખાનગી મળી કુલ 30થી વધુ બોર પણ ઉતારી આપવામાં આવ્યા છે. આ ગામ ખાપરી નદીને સાંકળતું હોય તથા ગામના નજીકમાં પાણી સંગ્રહ માટે ચેકડેમો અને કૂવાઓ હોવાથી આ ગામમાં ફેબ્રુઆરી-માર્ચ સુધી પાણીની તંગી જોવા મળતી નથી. આ ગામમાં માર્ચના આખરથી જૂન સુધી પાણીની તંગી જોવા મળે છે.

## ત્રણ ભગત સેવાની ધૂણી ધખાવે છે

ગલકુંડ ગામમાં ત્રણ ભગત વિવિધ રોગોના નિદાન માટે જડીબુટ્ટી આપે છે. ગલકુંડ ગામે ભગતોમાં મનસુભાઈ મંગયાભાઈ પવાર, કાશીનાથભાઈ લહાનુભાઈ ગાવીત, તુલસ્યાભાઈ કાળુભાઈ દેશમુખ વારસાગત રીતે ભગતોની ધૂણી ધખાવી રહ્યા છે. બીમારી જેવા પ્રસંગે આ ભગતો જંગલમાંથી જડીબુટ્ટી લાવી અસાધ્ય રોગોનું નિદાન કરી લોકોમાં સેવાની ધૂણી ધખાવી રહ્યા છે.

## કેવી રીતે પહોંચાય છે ભેગુધોધ સુધી

ગલકુંડ નજીક જંગલ વિસ્તારમાં આવેલો ભેગુધોધ ચોમાસાની ઋતુમાં પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની જાય છે. આ ધોધ પાસે જવું હોય તો ગલકુંડ થઈ જંગલ વિસ્તારમાંથી ટ્રેકિંગ કરી જવું પડે છે. ચોમાસામાં આ ધોધને નિહાળવા માટે અસંખ્ય પ્રવાસીઓ ઊમટી પડે છે. ચોમાસા અને શિયાળાની ઋતુમાં પ્રવાસીઓ ટ્રેકિંગની સાથે ભેગુધોધના આહલાદક નજારો માણે છે.





## ગલકુંડ ગામમાં બે રસ્તાનું નામોનિશાન ભુંસાઈ ગયું , લોકો પરેશાન

ગલકુંડ ગામના લોકોના શિક્ષણ ક્ષેત્ર વિશેની વાત કરીએ તો આ ગામમાં મોટા ભાગના પુરુષો અને સ્ત્રીઓ સાક્ષર જોવા મળે છે. આ ગામનો સાક્ષરતા દર સારો જોવા મળે છે. ગલકુંડ ગામના બે આંતરિક માર્ગ જિલ્લા પંચાયત માર્ગ મકાન વિભાગની ગ્રાંટમાંથી ઘણાં વર્ષો પૂર્વે નવીનીકરણ કરવામાં આવ્યા હતા. પરંતુ હાલ આ બંને માર્ગ બનાવવા માટે ડાંગ જિલ્લા પંચાયતના માર્ગ-મકાન વિભાગ દ્વારા ઘોર દુર્લક્ષતા સેવતા જર્જરિત બની ગયા છે. સાથે જ ગલકુંડ ગામના આ બંને આંતરિક માર્ગમાં તો અમુક જગ્યાએ ડામરનું નામોનિશાન ભુંસાઈ જતાં વાહનચાલકોને ચોમાસાની ઋતુમાં મુશ્કેલીનો સામનો કરવાની નોબત આવી શકે છે. જેથી બિસમાર માર્ગોને લઈને વાહનચાલકોમાં રોષ ફેલાયો છે. આ બિસમાર માર્ગો અંગે ગ્રામજનો દ્વારા ડાંગ ધારાસભ્ય એવમ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલને રજૂઆત કરતાં તેમની રજૂઆતને ધ્યાનમાં રાખી સરકાર દ્વારા આ કામો મંજૂર કર્યા હોવાનું જાણવા મળ્યું છે. આવનારા દિવસોમાં આ માર્ગનું ડામર સપાટીનું કામ ડાંગ જિલ્લા પંચાયતના માર્ગ-મકાન વિભાગ દ્વારા ચાલુ કરવામાં આવશે. ગલકુંડ ગામમાં ગ્રુપ ગ્રામ પંચાયત દ્વારા અમુક ફળિયામાં પેવર બ્લોક અને સીસીના માર્ગો બનાવવામાં આવ્યા છે. જે પેવર બ્લોક અને સીસી માર્ગોની હાલત એકંદરે ખૂબ જ સારી છે. જ્યારે અમુક જગ્યાએ હજુ પણ પેવર બ્લોક માર્ગોની જરૂરિયાત લાગી રહી છે. સાથે ગલકુંડ ગામે ફળિયાઓમાં અગાઉ ગટરલાઈનની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. મોટા ભાગે ચોમાસાનું પાણી ટેકરાળ જગ્યા હોવાથી નજીકના ખાપરી નદીમાં સહેલાઈથી ઊતરી જાય છે.



## આરોગ્યની સુવિધા



આરોગ્યની દૃષ્ટિએ આ ગામની વાત કરીએ તો ગામમાં એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલું છે. ગલકુંડ ગામમાં પી.એચ.સી. હોસ્પિટલ હોવાથી ઈમરજન્સી અથવા બીમારી જેવા સમયે લોકો આરામથી દવાખાને આવી જાય છે. સાથે ગલકુંડમાં ખાનગી દવાખાનું પણ હોવાથી ગલકુંડ ગામના લોકો આરામથી નાની બીમારીઓમાં સારવાર મેળવી લે છે. મોટી બીમારીઓમાં લોકોને આહવા સિવિલ અને વાંસદા સુધી દોડવું પડે છે. ગામની વાર-તહેવારે સાફસફાઈ કરવામાં આવે છે. તથા પંચાયતે ગામમાં દરેક ઘરોમાં શૌચાલયની વ્યવસ્થા કરી આપી છે. અહીં દરેક ઘરમાં શૌચાલયો હોવાથી સ્વચ્છ ભારતનું સ્વપ્ન સાકાર બનેલું નજરે પડે છે. વધુમાં ગ્રુપ ગ્રામ પંચાયત દ્વારા ચાલુ વર્ષમાં ગામમાં ગરીબોને ઈન્દિરા આવાસ અને પ્રધાનમંત્રી આવાસની ફાળવણી કરી છે.

## સિંચાઈ થકી ખેતીની સુવિધા

સિંચાઈની દૃષ્ટિએ ગામને અડીને નાના-મોટા પાંચ ચેકડેમો અને સંગ્રહ તળાવ પણ બનાવવામાં આવ્યા છે, આ ચેકડેમોમાં ઉનાળાના આખરના બે મહિનામાં પાણીનાં સ્તર નીચા જાય છે. આ ગામના લોકો સહિત પશુપાલનને ત્રણ મહિના માટે પાણીની આંશિક સમસ્યા નડે છે. આ ગામમાં ચોમાસાની અને શિયાળાની ઋતુ દરમિયાન ખેડુતો દ્વારા ડાંગર, નાગલી, મગફળી, અડદ, તુવેર, વરી, ચણા, વટાણા, ઘઉ, શાકભાજી, કઠોળ, બાજરી, ડુંગળી, લસણ, મકાઈ, મગ વગેરે પાકોનું ઉત્પાદન કરવામાં આવે છે. જ્યારે અમુક ખેડૂતોએ પાણીની સુવિધાઓ માટે સ્વખર્ચે ખેતરોમાં બોર અને કૂવા દ્વારા પાણીની સુવિધાઓને ઉપલબ્ધ કરવામાં આવી છે. ગલકુંડ ગામના અમુક ખેડૂતો મરચાં, ડુંગળી, લસણ અને કારેલાની સફળ ખેતી કરી સારી આવક મેળવી રહ્યા છે. પશુપાલનની દૃષ્ટિએ ગામના નાના-મોટા ખેડુતો પોતાની પાસે ગાય, ભેંસ, બકરાં, ખેતી માટે બળદ અને પાડા જેવા પાળતુ પ્રાણીઓનો ઉછેર કરી જેમાંથી સાઈડ આવક મેળવી પરિવારના ભરણપોષણમાં ભાગીદાર બને છે. ગલકુંડ ગામમાં દૂધમંડળી પણ કાર્યરત છે. દૂધમંડળીના પ્રમુખ તરીકે જશુબેન કાશીરામ કવર અને મંત્રી તરીકે સુમિત્રાબેન જીતુભાઈ વાઘ ફરજ બજાવી રહ્યાં છે. આ ગામમાંથી પશુપાલકો રોજેરોજ ડેરીમાં 150 લીટર જેટલું દૂધ ભરે છે અને દર મહિને તમામ પશુપાલકોને પેમેન્ટ ચૂકવી આવકનું ઉપાર્જન કરવામાં આવી રહ્યું છે.

## 24 કલાક વીજળીની સુવિધા

આ ગામમાં દક્ષિણ ગુજરાત વિ.પ્રા.લિ દ્વારા 24 કલાક વીજળી આપવામાં આવે છે. દક્ષિણ ગુજરાત વીજ કંપની સાપુતારા દ્વારા આ ગામમાં 15 જેટલાં ખેડૂતોને ખેતીવાડીનાં વીજ કનેક્શન ફાળવી આપી ખેતી ક્ષેત્રે સધ્ધર બનવા માટેનું પ્રોત્સાહન આપ્યું છે.

## સંકટ સમય માટે સખીમંડળો પણ કાર્યરત

ગામમાં મહિલાઓ દ્વારા 17 જેટલાં સખીમંડળો પણ કાર્યરત કરાયાં છે. આ સખી મંડળો પૈસાની બચત કરી સુખ દુઃખના સમયે જરૂરિયાતમંદ લોકોને વ્યાજ ઉપર નાણાં આપી મદદ કરે છે.

## ગલકુંડ ગ્રુપ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી તરીકે પ્રશાંતસિંહ ચૌહાણ કાર્યરત

ગલકુંડ ગ્રુપ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી તરીકે પ્રશાંતસિંહ ગણપતસિંહ ચૌહાણ કામગીરી કરે છે. તેમના ચાર્જમાં ગ્રુપ ગ્રામ પંચાયતના અન્ય ગામડાં પણ આવે છે. હાલમાં ગ્રુપ ગ્રામ પંચાયત ગલકુંડની નિયમિત કામગીરી કરી રહ્યા છે. ગ્રુપ ગ્રામ પંચાયતનું વિભાજન થયાને થોડોક સમય થયો હોવાથી તેઓ કામગીરી ગલકુંડ ગ્રુપ ગ્રામ પંચાયતની કચેરી ખાતે કરી રહ્યા છે. ગલકુંડ ગ્રુપ ગ્રામ પંચાયતની કચેરી ગામમાં જ હોવાથી લોકોને દાખલા સહિત અન્ય કામગીરી માટે સરળતા પડે છે. અને અન્ય જગ્યાએ જવું પડતું નથી. બાકીના ગામડાં પણ નજીક હોવાથી ગલકુંડ ગ્રામ પંચાયતની કોઈ પણ યોજનાઓ માટે લોકોને અગવડતા પડતી નથી.

## ગામનું નામ રોશન કરનારા શિક્ષિત

ગલકુંડ ગામના યુવાનો અને યુવતીઓ સરકારની જુદી જુદી પોસ્ટ પર નોકરી કરી ગામનું નામ રોશન કરી રહ્યા છે. ગલકુંડ ગામના (1) જયાબેન સુરેશભાઈ વાઘ-શિક્ષિકા-ગલકુંડ, (2) માધુરીબેન દિલીપભાઈ વાઘ-શિક્ષિકા-ઋતુભંરા સાપુતારા, (3) ભાવિનભાઈ દેશમુખ-હેડ કોન્સ્ટેબલ-વલસાડ, (4) યોગેશભાઈ પોપટભાઈ વાઘ-શિક્ષક-ભરૂચ, (5) રાજેશભાઈ પોપટભાઈ રાઉત-એસ.આર.પી.આહવા, (6) દિલીપભાઈ સોમાભાઈ વાઘ-રોજમદાર-ગલકુંડ રેંજ, (7)જીવાભાઈ જયરામભાઈ ગાવીત-રોજમદાર-ગલકુંડ રેંજ, (8) શંકરભાઈ ગોંવિદાભાઈ ગાંગુર્ડે-રોજમદાર-ગલકુંડ રેંજ, (9) ગુલાબભાઈ મોત્યાભાઈ ગાયકવાડ-રોજમદાર ગલકુંડ રેંજ, (10) ભોવાનભાઈ નટુભાઈ ભોયે-રોજમદાર ગલકુંડ રેંજ, (11) રાજુભાઈ નાનુભાઈ ભોયે-રોજમદાર ગલકુંડ રેંજ, (12) સુરેશભાઈ જે.વાઘ-વી.આર.એસ ફોરેસ્ટર તરીકે સેવા બજાવે છે. જ્યારે અમુક નિવૃત્ત થઈ ગામ સહિત સમાજસેવામાં જોડાઈ ગયા છે.

## દક્ષિણ વન વિભાગમાં સમાવિષ્ટ ગલકુંડ રેંજ વિભાગની ઉમદા કામગીરી




દક્ષિણ વન વિભાગમાં સમાવિષ્ટ ગલકુંડ રેંજ વિભાગની વનો અને જીવોના જાળવણી માટે ઉમદા કામગીરી જોવા મળે છે. ડાંગ જિલ્લાના દક્ષિણ વન વિભાગમાં સમાવિષ્ટ ગલકુંડ રેંજ કચેરી કાર્યરત છે. ગલકુંડ રેંજમાં રેસ્ટ હાઉસ પણ આવેલું છે. ગલકુંડ રેંજમાં અંદાજિત 22 ગામનું જંગલ લાગુ પડે છે. દક્ષિણ વન વિભાગના ડી.સી.એફ. નીરજકુમારના માર્ગદર્શન હેઠળ ગલકુંડ રેંજમાં આર.એફ.ઓ. વિકીભાઈ મિસ્ત્રીએ ગલકુંડ રેંજ વિસ્તારની સફળ કમાન સંભાળી છે. ગલકુંડ રેંજના આર.એફ.ઓ. વિકીભાઈ મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ ફોરેસ્ટર, બીટગાર્ડ, રોજમદારો વન વિભાગનું જતન અને સંવર્ધન કરી રહ્યા છે. ગલકુંડ રેંજમાં બે જગ્યાએ રોપાઓની નર્સરી આવેલી છે. અહીંથી વન મહોત્સવ અને ચોમાસાની ઋતુમાં રોપાઓનું વિતરણ કરી હરિયાળા ડાંગના સૂત્રને સાર્થક કરાય છે.



## ગલકુંડ ગામના સમાજ સેવકો અને અગ્રણીઓ

ગલકુંડ ગામના વિકાસમાં સુરેશભાઈ વાઘ, મોતીરામભાઈ ગોંવિદાભાઈ ગાંગુર્ડે, પાંડુભાઈ જયરામભાઈ કવર, રમેશભાઈ સોમાભાઈ વાઘ, રાજેશભાઈ એમ.ભોયે, દેવરામભાઈ દેશમુખ, પુનાજીભાઈ બાગુલ, મોતીરામભાઈ દળવી, વિષ્ણુભાઈ બાગુલ, રામચંદ્ર બાગુલ, દિનેશભાઈ આહીર, વિજયભાઈ પાલવે, રાજુભાઈ ચૌધરી, સુભાષભાઈ ચૌધરી, શંકરભાઈ ગાંગુર્ડે, શિવરામભાઈ ગાવીત, રાજેશભાઈ ગાયકવાડ, શંકરભાઈ લક્ષમણ ગાયકવાડ, મહેશભાઈ સહારે, રમેશભાઈ સહારે, સુભાષભાઈ શુકર રાઉતનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે.

## તહેવારોની થાય છે રંગેચંગે ઉજવણી

ગલકુંડ ગામમાં સંપ સારો હોવાથી ગ્રામજનો નવરાત્રિ, ગણેશ ઉત્સવ, જમાષ્ટમી, હોળી, ડુંગરદેવ, તેરા, નાગપંચમી, રક્ષાબંધન, મકરસંક્રાંતિ, દિવાળી, નાતાલ જેવા તહેવારોમાં સાથે મળી શ્રદ્ધા તથા ધામધુમપૂર્વક ઉજવણી કરે છે.




## ગલકુંડ ગામનું એસટી સ્ટેન્ડ જર્જરિત

ગલકુંડ ગામ રાષ્ટ્રીય ધોરી માર્ગને જોડતું મધ્યમ ગામ છે. આ ગામથી મહારાષ્ટ્ર રાજ્યમાં પણ જઈ શકાય છે. જેથી રોજેરોજ નિયમિત એસટી બસો આવે છે. પરંતુ કમનસીબે અહીં એસટી સ્ટેન્ડ જર્જરિત બની જતાં મુસાફરો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. એસ.ટી. સ્ટેન્ડ તૂટી જતાં મુસાફરોને તડકો અને વરસાદમાં અસહ્ય વેદના વેઠવાનો વારો આવે છે. જેથી તંત્ર અથવા રાજનેતાઓ કુંભકર્ણની નિદ્રામાંથી જાગી નવું એસટી સ્ટેન્ડ બનાવે એ જરૂરી છે.

## ગલકુંડ ગામે લાઇબ્રેરીની તાતી જરૂરિયાત

ગલકુંડ ગામ નજીક ગામડાંની સંખ્યા વધુ છે. ગલકુંડ સહિત આજુબાજુનાં 20 ગામડાંના સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરનાર વિદ્યાર્થીઓને વાંચવા માટે 25 કિલોમીટર દૂર આહવા જવું પડે છે. જેથી વહીવટી તંત્ર મધ્યમાં આવેલા ગલકુંડ ગામે સરકારી પડતર જગ્યામાં લાઈબ્રેરીનું નિર્માણ કરી વિદ્યાર્થીઓના ભવિષ્યના હિત માટે નિર્ણય કરે તેવી માંગ ઊઠી છે.




(માહિતી સંકલન અને તસવીરઃ ગીરીશ ભોયે, સાપુતારા)